**<u>ખંભાળીયાના મહે. જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ. ખંભાળીયા</u>**

**ફો.કે.નં.–811/2026**
**આંક –**

**શ્રી સરકાર** **............... ફરીયાદી**

**વિરૂધ્ધ**

**આમીન ઉર્ફે કારો મોટો ઈસ્માઈલભાઈ બારોયા** **.................આરોપી**

**ગુનો–ભારતીય ન્યાય સંહીતા અધીનીયમ ૨૦૨૩ની કલમ–૧૦૮ મુજબ**

## <u>–: કમીટલ હુકમ :–</u>

સદર કામે આરોપી વિરુધ્ધ સલાયા મરીન પોલીસ સ્ટેશન તરફથી પાર્ટ–એ, ગુ.ર.નં .૧૧૧૮૫૦૦૭૨૫૦૪૦૪/૨૦૨૫, **બી.એન.એસ. કલમ–૧૦૮** મુજબ ગુનાનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરવામાં આવેલ છે. ચાર્જશીટ તથા પોલીસ તપાસના કાગળોની નકલો આરોપીઓને પુરી પાડયાની બી.એન.એસ.એસ.ની કલમ–૨૩૦ અન્વયે ખાત્રી કરેલ છે. આરોપીઓને પોતાનો બચાવ કરવા બાબતે પુછતા તેઓ ખાનગી વકીલ રોકવા માંગે છે.

આ કામના આરોપીઓ **બી.એન.એસ. કલમ–૧૦૮** મુજબ શીક્ષાપાત્ર ગુન્હો કરેલાનો આક્ષેપ છે. જે ગુન્હાની ટ્રાયલ ચલાવવાની હકુમત માત્ર નામદાર સેસન્સ કોર્ટને રહેલી છે. જેથી બી.એન.એસ.એસ.ની કલમ–૨૩૨ અન્વયે ન્યાયના વીશાળ હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## <u>–: હુકમ :–</u>

(૧) ફો.કે.નં.૮૧૧/૨૦૨૬ને નામદાર સેસન્સ કોર્ટ–દેવભુમી દ્વારકા, મુ.ખંભાળીયા ખાતે કમીટ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) કેસ રેકર્ડ તૈયાર કરી, નામદાર સેસન્સ કોર્ટ–ખંભાળીયાને મોકલી આપવુ.

(૩) કેસ કમીટ કર્યા અંગેની જાણ સરકારી વકીલશ્રીને કરવી.

(૪) આરોપીઓને **મુદત તારીખ ૧૪/૦૭/૨૦૨૬** નારોજ સેસન્સ કોર્ટમાં હાજર રહેવુ.

હુકમ આજરોજ ૦૮ મી, માહે–જુન, સને.૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

ખંભાળીયા
તા.૦૮/૦૬/૨૦૨૬

**(એફ.આર.કોઠારીયા)**
જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ
મુ. ખંભાળીયા – જીજે 01535